ઉધનામાં રેશનિંગની દુકાન નં.45ના લાઈસન્સમાં ગોલમાલ

2014થી ભૈરૂ નામના વ્યક્તિ લલિતાબેનના નામે તેની ભાભીનો ફોટો મૂકી લાઇસન્સ રિન્યુ કરાવતો આવ્યો છે!

ઉધનામાં રેશનકાર્ડ દુકાનના લાઇસન્સ બાબતે કૌભાંડ કરનાર ભૈરૂની સામે અધિકારીઓ કેમ ઘૂંટણિયે પડ્યા છે?



ગરીબો ભૂખ્યા નહીં રહે તેવી સરકારની તમામ યોજનામાં ભ્રષ્ટાચારની ગંધ સુરતઃ શહેરમાં ઉધના વિસ્તારમાં રેશનિંગની સસ્તા અનાજની દુકાન નંબર 45માં મોટા કૌભાંડનો પર્દાફાશ થવાની સંભાવના છે. પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે કે દુકાનમાં કાર્ડોની તપાસ કરવામાં આવે તો મોટી સંખ્યામાં બોગસ કાર્ડો મળી શકે છે. ખોટી રીતે લાયસન્સ રિન્યુ કરનાર ભૈરૂ નામનો વ્યક્તિ કૌભાંડ કરતો હોવા છતાં પુરવઠા વિભાગ તેને છાવરી રહ્યું છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઉધના દુકાન નંબર 45નું લાયસન્સ લલિતાબેન કૈલાશચંદ્ર દેશાંત્રીના નામનું છે. પરંતુ 2014થી લલીતાબેનનો કોઈ અત્તોપત્તો નથી અને તેનો ગેરલાભ ભૈરૂ નામનો વ્યક્તિ ઉઠાવી રહ્યો છે. ભૈરૂએ લલીતાબેનના નામના લાયસન્સનો ઉપયોગ કરીને તેમાં પોતાની ભાભીનો ફોટો લગાડી આ લાયસન્સ લલીતાબેનના નામે રિન્યુ કરાવતો આવ્યો છે. આ દર્શાવે છે કે બોગસ માહિતીના આધારે લાયસન્સ મેળવવામાં આવ્યું છે અને ગરીબોની હકની ચીજવસ્તુઓને ભૈરૂ નામનો વ્યક્તિ હડપ કરી રહ્યો છે.

દુકાનના લાયસન્સ રીન્યુ કરતી વખતે રજૂ કરવામાં આવેલા દસ્તાવેજોની તપાસ કરવામાં આવે તો મોટું કૌભાંડ બહાર આવી શકે છે. ઘણાં વર્ષોથી ગરીબોના હક્કનું અનાજ દુકાનદાર અને સંડોવાયેલા ભ્રષ્ટાચારીઓના હાથમાં જઈ રહ્યું હોવાની શકયતા છે. જો કલેક્ટર કોઈ અન્ય ખાતાના અધિકારીને આ દુકાનમાં તપાસ માટે મોકલે, તો કેટલા કાર્ડ ગેરકાયદે છે અને કેટલાં વર્ષોથી ગરીબોના અનાજનો દુરુપયોગ થઈ રહ્યો છે, તે ખુલ્લું પડી શકે તેમ છે.

આ સમગ્ર મામલે તંત્રએ તાત્કાલિક તપાસ હાથ ધરી કડક કાર્યવાહી કરવી જરૂરી છે, જેથી ગરીબોને તેમના હક્કનું અનાજ મળી શકે. પરંતુ પુરવઠા અધિકારી અને ઝોનલ અધિકારીના પેટનું પાણી સુદ્ધાં હાલતું નથી, જે અનેક શંકાઓ ઉપજાવે છે.

સુરત, નવસારીમાં ખોટા રેશનકાર્ડની 39 ફરિયાદ

ગાંધીનગરઃ નવસારી અને સુરત શહેર-જિલ્લામાં બે વર્ષમાં ખોટા રેશનકાર્ડ બનાવવા અંગેની કુલ 39 ફરિયાદો મળી છે. જેમાં નવસારી જિલ્લામાં 2 અને સુરત જિલ્લામાં 37 ફરિયાદનો સમાવેશ થાય છે. નવસારી જિલ્લામાં બે વર્ષમાં 2 ફરિયાદ જ્યારે સુરત જિલ્લામાં 37 ફરિયાદો નોંધાઈ છે. સુરત જિલ્લામાં વર્ષ 2023-24માં 17 અને 2024-25માં 20 ફરિયાદો મળી છે. સુરત જિલ્લામાં કુલ 37 ફરિયાદો પૈકી 29 ફરિયાદો માટે દસ્તાવેજી પુરાવાને અભાવે ફરિયાદ અરજી દફતરે કરેલી છે. જ્યારે આઠ ફરિયાદો બાબતે તપાસની કાર્યવાહી હજુ પણ ચાલુ છે.

ભાલાળા પિતા-પુત્રની કપચીના વેપારી સાથે ૬૪ કરોડની ઠગાઇ

‘મારા અંગરક્ષક તરીકે રહેશો તો સરકાર કાર, દોઢ કિલો સોનું અને પ્લોટ આપશે’

અંગરક્ષકના પરિવારની તમામ લોન માફ થઇ જશે તેવી લાલચ આપી

૧.૯ કરોડ પડાવી સહાયના નામે માત્ર ૪૫ લાખ જમા કરાવી હાથ ઊંચા કરી દીધા

સુરતઃ સીમાડા સ્થિત બાપાસીતારામ ચોક પાસે આવેલી પટેલ પાર્ક સોસાયટીમાં રહેતા ભાલાળા પિતા-પુત્રએ રેતી કપચીના વેપારીને અંગરક્ષક તરીકે રાખવાના તથા તેમના પરીવારના નામે ચાલતી લોન માફ કરાવી આપવાના બહાને ટુકડે ટુકડે રૂપિયા ૬૪.૩૬ લાખ પડાવી છેતરપિંડી કરતા મામલો પોલીસમથકમાં પહોંચ્યો છે.

શહેરના સીમાડા ગામ વ્રજવિલા રેસિડેન્સીમાં રહેતા અને રેતી કપચીનો વેપાર કરતા ધીરુભાઈ રામજીભાઈ લાઠિયાએ ગઈકાલે જગદીશ મગનભાઈ ભાલાળા અને તેમના પુત્ર કાર્તિક જગદીશ ભાલાળા (રહે. પટેલ પાર્ક સોસાયટી, બાપાસીતારામ ચોક, સીમાડા નાકા) સામે ફરિયાદ નોધાવી હતી. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ તેમના મિત્રની ઓફિસે બેસવા જતા હતા તે દરમિયાન તેમની આરોપી પિતા-પુત્ર સાથે ઓળખાણ થઈ હતી. તે દરમિયાન આ બંનેએ તેમને જણાવ્યું હતું કે, તેમને અંગરક્ષકની જરૂર છે અને તે કોઇ તેમના અંગરક્ષક તરીકેની નોકરી કરશે તેના પરિવારની જે લોન ચાલતી હશે તે સરકાર માફ કરી દેશે તેમજ સહાય પણ કરશે એટલું જ નહીં મહિનાનો 30 હજાર પેટ્રોલનો ખર્ચ અને ૪૫ લાખની એક કાર પણ સરકાર આપશે. તેમની વાત સાંભળીને ધીરૂભાઇ તેમના અંગરક્ષક તરીકે રહેવા માટે તૈયાર થઇ ગયા હતા. તેથી ઠગ પિતા-પુત્રએ તેમને જણાવ્યું હતું કે, અંગરક્ષક તરીકે સરકારમાં નામ આપતાની સાથે જ ૬ કરોડનો ચેક મળશે તે લેવા માટે ૧૧,૮૭,૦૩૦ સરકારમાં જમા કરવા પડશે તેમજ સરકારમાંથી નવી ટ્રક, બસ, દોઢ કિલો સોનું, જેકોબ કંપનીનું નેકલેસ, લાડવી, વેસુમાં જમીન તથા એક જવેલર્સની દુકાન તથા આઠ અલગ અલગ ફ્રેન્ચાઈઝી મળવાની છે. જેના માટે સરકારમાં ૪૭,૬૪,૬૮૯ જમા કરાવવા પડશે કહી કોઈના કોઈ બહાને ટુકડે ટુકડે કરી ધીરુભાઈ પાસેથી ૧,૦૯,૫૦,૬૦૪ પડાવી લીધા હતા. ત્યારબાદ સરકારમાંથી સહાય આવી છે તેમ કહી ફરિયાદીના ખાતામાં ૪૩,૦૮,૪૩૮ અને તેમની પત્નીના ખાતામાં ૨,૦૩,૦૦૦ જમા કરાવ્યા હતા. ત્યારબાદ ફરિયાદીએ બાકીની સહાયની માંગ કરતાં પિતા-પુત્રએ હાઈકોર્ટના ખોટા હુકમ બનાવી તેમજ જમીનના સાત-બારના ખોટા ઉતારા બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી પેપરમાં કોર્ટ નોટિસના નામે ખોટી જાહેરાત આપી તેમને વોટ્સઅપ ઉપર મોકલી આપી હતી. ઠગાઈની જાણ થતાં ધીરુ ભાઈએ ૬૪,૩૯,૧૧૬ નહીં આપી છેતરપિંડીની ફરિયાદ કરી હતી.

સરકાર પાસે ઇનામના ૨૮૦૦ કરોડ લેવાના હોવાનાં બણગાં ફૂંક્યા હતાં

ફરિયાદી અને આરોપીઓ જે ઓફિસમાં ભેગા થતાં હતાં ત્યાં આરોપીઓએ ધીરુભાઈને તેમની અમરેલીના સાવરકુંડલાના થોરજડી ગામે આવેલી જમીનની બાજુમાં માઈન્સનું ખનન ચાલતુ હતું જેના કારણે તેમની જમીનના પાકને નુકસાન થતું હોવાથી માઈન્સ કંપની વિરોધમાં કેસ કર્યો હતો. જે કેસ તેઓ જીતી ગયા છે. તેમજ માઇન્સ કંપનીનું ૬૮૦૦ કરોડનું કાળુ નાણું તેમણે પકડાવ્યું હોવાથી સરકાર તેમને ૨૮૦૦ કરોડ ઈનામ પેટે આપવાની છે તેમજ સરકારે જ તેમને પોલીસ પ્રોટેકશન આપવાનો હુકમ કર્યો છે. પરંતુ મારે પોલીસ પ્રોટેકશન જાઈતુ નથી. મેં સરકારને ખાનગી માણસોને અંગરક્ષક રાખવાનું કહ્યું હોવાનું કહ્યું હતું.

છોકરાઓ સાથે અમારી દીકરીઓની વાત કરાવા છો કહી

વરાછામાં રત્નકલાકાર પર માથાભારે તત્ત્વોનો હુમલો, ઘરમાં તોડફોડ કરી

ઘરે આવેલા મહેમાનો સાથે પણ ઝપાઝપી કરી

સુરતઃ સુરતના વરાછાના લંબે હનુમાન રોડ પર આવેલી સોસાયટીમાં રહેતા યુવાન રત્નકલાકારને ત્રણ માથાભારે તત્વોએ હુમલો કરી માર માર્યો હતો. તમે અમારી દીકરીઓને અન્ય લોકો સાથે વાતચીત કરાવો છો કહી ઘરમાં તોડફોડ કરી નાસી છૂટ્યા હતા.

વરાછા વિસ્તારમાં મારુતિ ચોક પાસે જૂની શક્તિ વિજય સોસાયટીમાં રહેતો અને હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે કામ કરતા નરેશભાઈ ભીમજીભાઇ પરમારે વરાછા પોલીસમથકમાં સંજય ઉર્ફે સામંત વજુભાઈ પોલરા, વિશાલભાઈ, મહેશભાઈ (તમામ રહે. જુની શક્તિવિજય સોસાયટી, લંબે હનુમાન રોડ, મારૂતીચોક પાસે, વરાછા) સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. રવિવારની રાત્રે તેઓ ઘરમાં મહેમાનો સાથે બેઠા હતા ત્યારે સંજય ઉર્ફે સામંત તથા વિશાલ અને મહેશ અચાનક તેમના ઘરે આવ્યા હતા અને તેઓએ નરેશભાઈની બહેન શિલ્પાને તમે લોકો બહારના છોકરાઓ સાથે અમારી દીકરીઓની વાતચીત કરાવો છો, તેમ કહીને ઘરમાં ઘૂસી જઈ નરેશભાઈ પર હુમલો કર્યો હતો. મહેમાનો વચ્ચે આવતા તેઓ સાથે પણ ઝપાઝપી કરી હતી. ઘરમાં તોડફોડ પણ કરી હતી. બનાવ સંદર્ભે વરાછા પોલીસે રત્નકલાકારની ફરિયાદના આધારે ત્રણેય હુમલાખોરો સામે ઘરમાં ગૃહ પ્રવેશ, એટ્રોસિટીની કલમો સાથે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કાળઝાળ ગરમીમાં પક્ષીઓની તરસ છીપાવતાં માટીનાં કુંડાનું વિતરણ

■ શહેરમાં કાળઝાળ ગરમી શરૂ થઈ ગઈ છે ત્યારે તરસ છીપાવવા પક્ષીઓ આમ તેમ ઉડાઉડ કરતા જોવા મળે છે. વરાછા મિની બજાર પાસે જાનકી જીવદયા દ્વારા 1100 જેટલા માટીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેથી લોકો પોતાના ઘરના ધાબે, અગાશી-બાલ્કનીમાં પક્ષીઓની તરસ છીપાવવા પાણી મૂકી શકે. **(તસવીર : સતિષ જાદવ)**

ઉધના ભાટિયા કેમિકલ કંપનીની લેબોરેટરીમાં આગ

કામ કરી રહેલા 20થી 25 કર્મચારીના જીવ તાળવે ચોંટ્યા

સુરતઃ ઉધના રોડ નં-1 પ્લોટ નં.16 તથા 17માં ભાટીયા કેમિકલ પ્રા.લી. કંપનીએ બીજા માળ ઉપર બનાવેલી લેબોરેટરીમાં કેમિકલ તથા કાપડનું ટેસ્ટિંગ કરવામાં આવે છે. મંગળવારે લેબમાં બનાવેલા માળિયામાં રાખેલા કેમિકલમાં અચાનક આગ લાગવાની શરૂઆત થઈ હતી. જેના લઈ કામ કરતાં 20થી 25 કર્મચારીઓના જીવ તાળવે ચોંટી ગયા હતા ફાયર કંટ્રોલને જાણ કરાતા ઉધના, મજુરા, ડિંડોલી, ભેસ્તાન તથા માનદરવાજા ફાયર સ્ટેશનનો કાફલો રવાના કરી દેવાયો હતો. ભારે જહેમત બાદ આગ કાબૂમાં આવી હતી.

વેન્ટિલેટરના અભાવે ફાઈટરોની મહેનત વધી

ફાયર સબ ઓફિસર રોહિત ખલાસીએ જણાવ્યું હતુ કે, આગનો ધુમાડો બહાર નીકળી શક્યો ન હતો. જેથી આગ બુઝાવવાની કામગીરીમાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી. જો વેન્ટિલેટરની યોગ્ય વ્યવસ્થા હોત તો આગ જલદીથી કાબૂમાં આવી જતે.

સુરતમાં દિવસે વધતી ગરમી વચ્ચે રાત્રિનું તાપમાન 3 ડિગ્રી ગગડતાં ઠંડક અનુભવાઈ

સુરતઃ શહેરમાં મહત્તમ તાપમાનમાં છેલ્લા ત્રણ દિવસથી મંદ ગતિએ વધારો નોંધાયો છે. જ્યારે આજે લઘુત્તમ તાપમાન સીધું 3 ડિગ્રી ગગડતા વહેલી સવારે ઠંડક અનુભવાઈ હતી અને ઉકળાટથી લોકોને રાહત મળી હતી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે મહત્તમ તાપમાન આંશિક વધીને 36.8 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 3 ડિગ્રી ગગડીને 20.8 ડિગ્રી નોંધાયું હતું. જેને કારણે વહેલી સવારે ઠંડક અનુભવાઈ હતી. હવામાં 18 ટકા ભેજની સાથે 6 કિલોમીટરની ઝડપે ઉત્તરનો પવન ફુંકાયો હતો. ઉલ્લેખનીય છે કે મહત્તમ તાપમાન ત્રણ દિવસથી મંદ ગતિએ વધ્યું છે. 16 તારીખે 36.2 ડિગ્રી હતું, જે ગઈકાલે 36.4 ડિગ્રી નોંધાયું અને આજે 36.8 ડિગ્રીએ પહોંચ્યું છે. આગામી દિવસોમાં ધીમે ધીમે ગરમીનો પારો વધશે.

મોટા વરાછામાં તાડીના બાકી પૈસા માંગવા જતાં મહિલાને માથામાં ઈંટ મારનાર ત્રણ ઝડપાયા

પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી કાપોદ્રાના ત્રણેય શખ્સને દબોચી લીધા

સુરતઃ મોટા વરાછા પ્રવિશા ફાર્મ પાસે તાડીના પૈસા માંગવા ગયેલી આધેડ મહિલાના માથામાં ઈંટ મારી હત્યાનો પ્રયાસ કરનાર ત્રણ આરોપીઓને ઉત્રાણ પોલીસે ઝડપી પાડ્યા છે.મોટા વરાછા પવિત્રમ લિબર્ટી પાસે પ્રવિશા ફાર્મમાં રહેતી શ્રીશા નરેશ બંટુ ખેત મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ક્યારેક તે તાડી અને નીરાનું વેચાણ કરે છે. ગત રવિવારે સાંજે રોહિત મરાઠી રિક્ષા લઈને તેમના ફાર્મ પાસે આવ્યો હતો અને તાડી માંગી હતી. જેથી શ્રીશાની સાસુ લછમ્માએ તેને એક પોટલી આપી હતી. લછમ્માએ આ પોટલીના પૈસા માંગતા રોહિત પૈસા આપ્યા વગર બહાર ચાલી ગયો હતો. રાત્રે રોહિત તેના બે મિત્રો સાથે ફાર્મ બહાર રસ્તા પર ઊભો હતો ત્યારે ફોન પર વાત કરતા લછમ્મા ફાર્મમાંથી બહાર આવ્યા હતા. લછમ્માએ તાડીના પૈસા માંગતા રોહિત ઉશ્કેરાયો હતો, રોહિતના મિત્રોએ લછમ્માને પકડી રાખી હતી, ત્યારે રોહિત તેના માથામાં ઈંટ મારી ગંભીર ઈજા પહોંચાડી નાસી ગયો હતો. લછમ્માને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. પોલીસે શ્રિશાની ફરિયાદના આધારે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી EWS આવાસ, આનંદનગરની બાજુમાં, કાપોદ્રા રહેતા રોહિત ઉર્ફે છીછોરે સંજયભાઈ સાળવે, ગણેશ ઉર્ફે ગણીયો અનિલભાઈ સાળુખે તથા મહેશ ઉર્ફે ઓમકાર સુખદેવગીરી ગોસ્વામીની ધરપડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આરટીઈ પ્રવેશ માટે હજી મહિનો બાકી, છતાં 100 ટકાથી વધુ ફોર્મ ભરાઈ ગયાં

15,229 સીટની સામે અત્યાર સુધી કુલ 26,649 ફોર્મ આવ્યાં અને 20,465 તો મંજૂર પણ થઈ ગયાં

સુરતઃ આરટીઈ (રાઈટ ટુ એજ્યુકેશન) હેઠળ આવતા શૈક્ષણિક વર્ષ માટે બાળકોના પ્રવેશની પ્રક્રિયા તેજ ગતિએ આગળ વધી રહી છે. સરકાર દ્વારા પ્રવેશ માટે આવક મર્યાદાની સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ લંબાવવામાં આવી છે. આ સુધારાઓને કારણે મોટી સંખ્યામાં વાલીઓ અરજી કરશે. પરંતુ હજુ મહિનો બાકી છે છતાં 100 ટકાથી વધારે ફોર્મ ભરાઈ ગયા છે. સુરત શહેરમાં આરટીઈ હેઠળ 15,229 બેઠકો ઉપલબ્ધ છે, પરંતુ હજી એક મહિનો બાકી હોવા છતાં 26,649 ફોર્મ ભરાઈ ચૂક્યા છે. જે ઉપલબ્ધ બેઠકો કરતાં વધુ છે. આ સંખ્યામાંથી 20,465 ફોર્મ મંજૂર થઈ ગયા છે. જ્યારે 500 ફોર્મ પેન્ડિંગ છે અને 1474 ફોર્મ રિજેક્ટ કરાયા છે. આંકડાઓ દર્શાવે છે કે મફત અને ગુણવત્તાસભર શિક્ષણ માટે લોકોમાં ભારે માંગ છે. આરટીઈ હેઠળ બાળકોને ખાનગી શાળાઓમાં મફત પ્રવેશ મળે છે, જેથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો તેમના બાળકોને સારું શિક્ષણ આપી શકે. તત્કાલીન આંકડાઓ અનુસાર દોઢ ગણાથી વધુ ફોર્મ ભરાઈ ચૂક્યા છે, જેની સામે ઉપલબ્ધ બેઠકો બહુ ઓછી છે. જો આવનારા દિવસોમાં વધુ અરજીઓ આવશે, તો મોટાભાગના બાળકોને પ્રવેશ મળશે કે નહીં તે પ્રશ્ન સર્જાશે. આ સ્થિતિમાં અનેક પરિવારોને અન્ય શૈક્ષણિક વિકલ્પો શોધવા પડશે.

વાલીઓની ચિંતા: ‘પ્રવેશ મળશે કે નહીં?’

કેટલાક વાલીઓની ચિંતા છે કે હાઈ-ડિમાન્ડના કારણે તેમના બાળકને પસંદગીની શાળામાં પ્રવેશ મળશે કે નહીં. સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા આ સંજોગોમાં કેવા પગલાં લેવામાં આવશે તે જોવું રહ્યું. માંગ વધી રહી છે, અને જો આરટીઈ હેઠળ વધુ બાળકોને સમાવવાની જરૂરિયાત ઊભી થશે, તો સરકાર દ્વારા બેઠકો વધારવા અંગે વિચારણા થઈ શકે છે. તત્કાલીન ગતિ અને સંખ્યાને જોતા, સરકાર માટે આ સમસ્યા એક પડકારરૂપ બની શકે છે.

જૈનમ બ્રોકિંગ દ્વારા ભારતના સૌથી મોટા ટ્રેડર્સ ‘મહાકુંભનું’ આયોજન

‘લાર્જેસ્ટ’ ફાઇનાન્સિયલ ઇન્વેસ્ટમેન્ટ લેસન’ પર વર્લ્ડ રેકોર્ડ રચાશે, ગિનીઝ બુક્સ ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામશે

સુરતઃ ભારતની અગ્રણી સ્ટોક બ્રોકિંગ કંપની જૈનમ બ્રોકિંગ લિમિટેડ, ‘ટ્રેડર્સ મહાકુંભ’ની થીમ પર ઇન્ડિયન ઓપ્શન્સ કોન્ક્લેવ 6.0 યોજવા જઈ રહી છે. પ્રથમ વખત આ કાર્યક્રમમાં ગિનીઝ બુક્સ ઓફ વર્લ્ડ રેકોર્ડની ટીમ પણ 22 માર્ચના રોજ આ ઈવેન્ટમાં આવશે. જેમની હાજરીમાં ‘લાર્જેસ્ટ ફાઇનાન્સિયલ ઇન્વેસ્ટમેન્ટ લેસન’ પર વર્લ્ડ રેકોર્ડ રચાશે. આ કાર્યક્રમ તા.21 અને 22 માર્ચ, 2025ના રોજ સરથાણા કન્વેન્શન સેન્ટર ખાતે આ બે દિવસ માટે યોજાશે.

આ કાર્યક્રમમાં ભારતની સૌથી પ્રતિષ્ઠિ અને 40થી વધુ માર્કેટ એક્સપર્ટ તથા જાણીતા માઈન્ડ રીડર સુહાની શાહ, એન્ટરપ્રિનીયોર અંકુર વારિકું સહીત અનેક ચીફ ગેસ્ટો સુરત પધારશે. જૈનમ બ્રોકીંગ લિમિટેડ કંપનીનાં મેનેજિંગ ડિરેક્ટર મિલન પરિખે આ વિશે જણાવ્યું હતું કે, માર્કેટમાં સફળ ટ્રેડર્સ બનવા આ કોન્ક્લેવ પ્લસ પોઈન્ટ બની રહેશે.

કતારગામમાં 97 ગેરકાયદે ડ્રેનેજ જોડાણ સીલ કરાયાં

સુરતઃ વરીવાયમાં 2 વર્ષના માસૂમ કેદાર ખુલ્લી ગટરમાં પડી જવાની ઘટના બાદ મનપાનું તંત્ર સફાળું જાગ્યું છે. ડ્રેનેજની લાઈનમાં ગેરકાયદે કનેક્શનોને કારણે આવી ઘટના બન્યા બાદ હવે સુરત મનપા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવા ગેરકાયદે કનેક્શનો સીલ કરવામાં આવી રહ્યા છે. કતારગામ ઝોનમાં મોરારજીની વાડી ખાતે આજે પણ કુલ 97 મિલકતોના ગેરકાયદે જોડાણ સીલ કરી દેવાયા હતા. કતારગામ ઝોન વિસ્તારમાં મનપા દ્વારા પટેલ ગોવિંદ ઈન્ડસ્ટ્રીમાં આવેલ તપેલા ડાઈંગના 53 ગેરકાયદેસર જોડાણ સીલ કરવામાં આવ્યા હતા ત્યારે સતત બીજા દિવસે ફરીથી કતારગામ ઝોન વિભાગ દ્વારા ડ્રેનેજ લાઈનમાં ગેરકાયદે જોડાણ કરતાં તત્વો સામે લાલ આંખ કરી જેરામ મોરારની વાડી સોસાયટીમાં આવેલા 97 જેટલી મિલકતોના અને યુનિટમાં ગેરકાયદે ડ્રેનેજ જોડાણ સીલ કરી દેવામાં આવ્યા છે.

રાજકીય હુંસાતુંસીમાં સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાંથી ઊભી થયેલી આગ શાસકોને દઝાડશે?

મનપાના પ્લોટ પર ચાલતા ન્યૂસન્સ સામે 30 સોસાયટીનો મોરચો

મનપા પાસેથી રાહત ભાવે હંગામી ધોરણે, પ્લોટ મેળવ્યા બાદ પતરાના શેડ અને દુકાનો ઊભા કરી તગડું ભાડું વસૂલાય છે

આ પ્લોટ પર ઊભી થતી ખાણી-પીણી, ચાની લારી-પાનના ગલ્લા લોકો માટે ન્યૂસન્સ રૂપ બન્યા

સુરતઃ સુરત મનપાના શાસકો દ્વારા છેલ્લાં ચાર વર્ષથી મનપાની માલિકીના ખાલી પડેલા પ્લોટ રાહત ભાવે કાર્યકરોને ફાળવી તેમાં ફૂડ કોર્ટ અને અન્ય ઉપયોગ કરવા માટે છૂટ આપવામાં આવી રહી છે, જેમાં મોટા ભાગે ફૂડકોર્ટ, ચા-પાનના ગલ્લાઓ અને બજારો ભરાવા માટે તગડું ભાડું વસૂલવાનો ધીકતો ધંધો થઈ ગયો હોવાથી આ પ્લોટ પર કોઈ નીતિનિયમો વગર ચાલતા આ ધંધાઓના કારણે મોડી રાત સુધી આસપાસના રહેવાસીઓ માટે ન્યૂસન્સ ઊભું થઈ રહ્યું છે. જેની સામે હવે સ્થાનિક લોકોમાં વિરોધનો વંટોળ ઊઠવા માંડ્યો છે. શનિવારે મોટા વરાછામાં ભાજપના જ એક કાર્યકરને ફાળવાયેલા પ્લોટના કારણે ઊભા થયેલા ન્યૂસન્સ સામે વિપક્ષના કોર્પોરેટરોની આગેવાનીમાં દેખાવો થયા હતા. બાદમાં સોમવારે પણ મોટા વરાછા વિસ્તારમાં સ્થાનિકો દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું હતું. તેમજ સ્થાનિક લોકો મંગળવારે સુરત મનપાની મુખ્ય કચેરીએ આ બાબતે ફરિયાદ કરવા પહોંચ્યા હતા અને આવા મનપાના પ્લોટો ભાડે ન આપવાની માંગ કરી હતી. સ્થાનિકોએ મેયર, મનપા કમિશનરને મળી રિઝર્વેશન પ્લોટોમાં લોકો માટે ન્યુસન્સ રૂપ બનેલા ધંધા બંધ કરાવવા તથા રિઝર્વેશન પ્લોટ ભાડે આપવા અંગેનો ઠરાવ રદ કરવાની માંગણી કરી હતી.

વિસ્તૃત વિગતો મુજબ મોટા વરાછામાં ટી.પી. સ્કીમ નં.24 અને ટી.પી. સ્કીમ નં.25માં 20 જેટલા મનપાના અનામત પ્લોટ આવ્યા છે, શહેરના અન્ય ઝોનની જેમ મોટા વરાછામાં પણ આ ખાલી પડેલા પ્લોટ હાલમાં જરૂર ન હોય તેવાં કારણ દર્શાવીને આવક ઊભી કરવા માટે ભાડે આપવામાં આવ્યા છે. જો કે, મનપા શાસકો દ્વારા મોટા ભાગે જે પ્લોટ ભાડે આપવામાં આવ્યા છે, તે કાર્યકરોને અપાયા છે અને સ્ક્વેર મીટર દીઠ એકથી દોઢ રૂપિયા ભાડે અપાયેલા આ પ્લોટમાં પતરાના સેડથી માંડીને હંગામી દુકાનો બનાવી ગેરેજ, ભંગાર, ખાણીપીણી, પાનના ગલ્લાવાળાઓને તગડું ભાડું વસૂલી ભાડેથી આપી દીધા છે, જેમાં ખાણીપીણી, ચાની લારી, પાનના ગલ્લા મોડી રાત સુધી ખુલ્લા રહે છે અને ઘણી જગ્યાએ તો લુખ્ખા અને અસામાજિક તત્ત્વો મોડી રાત સુધી અડિંગો જમાવી રહ્યા છે. જેના કારણે સ્થાનિકોને ન્યૂસન્સ થઈ રહ્યું છે અને હેરાનગતિ થાય છે.

આ અંગે સ્થાનિકોએ વાંધો નોંધાવતાં તમારાથી થાય તે કરી લો, તમારાથી કંઈ થવાનું નથી. બધા મનપા દ્વારા સંચાલિત છે, તેવી ખુલ્લેઆમ ધમકી પણ આપી રહ્યા છે. જેના કારણે મોટા વરાછાની 30 જેટલી સોસાયટીના રહીશો મનપા કચેરીએ પહોંચી મનપા કમિશનર, મેયર અને તમામ પદાધિકારીઓ પ્લોટ ફાળવણીના કારણે થતા ન્યૂસન્સને કારણે રિઝર્વેશન પ્લોટો આ રીતે આપવાના ઠરાવો રદ કરવાની માંગણી કરી હતી.

રત્નકલાકારો માટે હીરા ઉદ્યોગમાં કામદાર કલ્યાણ બોર્ડની રચના, શ્રમ કાયદાનો અમલ કરવા માંગ

સાઉથ ગુજરાત ડાયમંડ વર્કર એસો. ની મુખ્યમંત્રી, ઉદ્યોગમંત્રી, શ્રમ અને રોજગારમંત્રીને રાહત પેકેજની માગ

સુરતઃ સાઉથ ગુજરાત ડાયમંડ વર્કર એસોસિએશનના પ્રમુખ નૈષધ દેસાઈ અને સેક્રેટરી નિમિષ જે. પટેલે મુખ્યમંત્રી, ઉદ્યોગમંત્રી, શ્રમ અને રોજગારમંત્રીને આવેદનપત્ર મોકલી રાહત પેકેજ ઉપરાંત કામદાર કલ્યાણ બોર્ડની રચના અને શ્રમ કાનૂનનો કડક અમલ કરવા માંગ કરી છે. હીરા ઉદ્યોગમાં જ શરૂઆત 1970થી ભારત સરકારના માન્ય મજૂર કાયદાઓ પ્રોવિડન્ટ ફંડ એકટ, ગ્રેજ્યુઈટી એકટ, ઈ.એસ.આઈ.સી. એકટ, પેમેન્ટ ઓફ વેજીસ એકટ, ફેકટરી એકટ, આઈ.ડી.એકટ હેઠળ છટણી વળતરનો અમલ થતો નથી. હીરા ઉદ્યોગના કામદારો ઉપર વ્યવસાય વેરો સરકાર દ્વારા લાદવામાં આવ્યો છે તે ગેરકાયદે, અન્યાયી, અનૈતિક, આંતરાષ્ટ્રીય શ્રમસંગઠનના સિધ્ધાંતો વિરૂધ્ધ છે. હાલમાં કટોકટીની સ્થિતિમાં તાકીદે હીરા ઉદ્યોગ કામદાર કલ્યાણ બોર્ડની રચના અતિઆવશ્યક છે.

કામદાર કલ્યાણ બોર્ડ અસ્તિત્વમાં આવે તો રત્નકલાકારોના આપઘાતના બનાવો અટકી શકે

કામદાર કલ્યાણ બોર્ડમાં સરકારના શ્રમ, ઉદ્યોગ, નાણાં વિભાગના ઓછામાં ઓછા ત્રણ અથવા વધુમાં વધુ પાંચ પ્રતિનિધિઓની વરણી કરી શકાય છે અને ભારત સરકારના ઓછામાં ઓછા એક, હીરા ઉદ્યોગના સંચાલકો માલિકોના મંડળોમાંથી વધુમાં વધુ પાંચ પ્રતિનિધિઓની વરણી કરી શકાય.કલ્યાણ બોર્ડમાં કામદારોના કુલ માસિક વેતનમાંથી એક ટકા નાણાંની કપાત કરીને બોર્ડમાં જમાં લઈ શકાય છે, તે જ રીતે ઉદ્યોગ માલિકો, સંચાલકો તરફથી પ્રતિમાસ કામદારોને ચૂકવવામાં આવતાં ઉપરોક્ત વેતનની કુલ રકમના 2 ટકા જેટલાં નાણાં વધારાના ઉમેરીને બોર્ડમાં જમાં કરી શકાય છે. તે જ રીતે ઉપર મુજબ કુલ 3 ટકા રકમ જમાં થાય તે રીતે 6 ટકા રકમ ઉમેરીને સરકાર દ્વારા ગ્રાન્ટ તરીકે બોર્ડમાં જમાં કરાવામાં આવે. આત્મહત્યા કરનાર કામદારો અને બેરોજગાર કામદારોને બોર્ડ દ્વારા તેમના આશ્રિતોને શિક્ષણ અને આરોગ્ય સેવા માટે આર્થિક મદદ કરવામાં આવે અને બેરોજગાર કામદારોને સ્વરોજગાર માટે પણ અન્ય સરકારી યોજનાઓ સાથે બોર્ડ દ્વારા પણ સવિશેષ આર્થિક ધિરાણ વિના વ્યાજે કરી શકાય છે.